સર્વ શિક્ષા અભિયાન (એસ.એસ.એ.)
અંતર્ગત ૨૦ દિવસની શૈક્ષણિક તાલીમ

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
પરિપત્ર ક્રમાંક :એસએસએ/૧૦૦૫/૨૫૧૧/ન
સચિવાલય, ગાંધીનગર
તા.  /૨/૨૦૦૬

પરિપત્ર :

સર્વ શિક્ષા અભિયાન (એસ.એસ.એ. ) મિશન અંતર્ગત પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે શિક્ષકોને શૈક્ષણિક રીતે સજ્જ કરવા માટે તેમજ શૈક્ષણિક ક્ષમતા વિકસાવવા માટે પ્રાથમિક શાળાના તમામ શિક્ષકો માટે પ્રતિવર્ષ ૨૦ દિવસની સેવાકાલિન તાલીમ નિર્ધારિત કરવામાં આવી છે. આવી તાલીમ યોજવા માટે ભારત સરકારના માનવ સંસાધન અને વિકાસ મંત્રાલય, પ્રારંભિક શિક્ષણ અને સાક્ષરતા પ્રભાગ ધ્વારા તેમજ એસ.એસ.એ. મિશન ધ્વારા સમયાંતરે માર્ગદર્શક સૂચનાઓ પાઠવવામાં આવેલ છે. ૨૦ દિવસની તાલીમનો સમયગાળો શાળાના શિક્ષણકાર્યમાં અવરોધરૂપ ન બને તે રીતે તાલીમનું આયોજન નીચે મુજબ કરવા આથી જણાવવામાં આવે છે.

(૧) સામાન્યતઃ પ્રાથમિક શાળામાં એપ્રિલ મહિનામાં વિદ્યાર્થીઓની વાર્ષિક પરીક્ષા લેવામાં આવતી હોય છે. શાળાની વાર્ષિક પરીક્ષા પૂરી થયા બાદ બીજા દિવસથી શરૂ કરીને <u>પ્રાથમિક શિક્ષકો માટે વેકેશન</u> શરૂ થાય ત્યાં સુધીના સમયગાળા દરમિયાન ૧૨ થી ૧૫ દિવસની તાલીમનું આયોજન કરવું.

(૨) બાકી રહેતી તાલીમો પ્રાથમિક શાળાની પ્રથમ સત્રની પરીક્ષાઓ પૂર્ણ થયા બાદ તેમજ દિવાળી વેકેશન શરૂ થાય તે પહેલાના સમયગાળા દરમિયાન પૂર્ણ કરવા આયોજન કરવું.

(૩) શાળા ચાલુ હોય તે દરમિયાન જો તાલીમનું આયોજન કરવામાં આવે તો સ્થાનિક અનુકૂળતા મુજબ શાળાનો સમય સવારના ૮ વાગ્યાનો રાખી ૧૨:૩૦ થી ૧૭:૩૦ ના સમયગાળામાં તાલીમનું આયોજન કરવું. જેથી બાળકો માટેના મધ્યાહન ભોજનમાં પણ વિક્ષેપ પડે નહી.

(૪) સમગ્ર રાજ્યના <u>તમામ પ્રાથમિક શિક્ષકો માટે એકસાથે જ્યારે તાલીમ</u>નું આયોજન કરવામાં આવે ત્યારે ઉપર ક્રમાંક (૧), (૨) અને (૩) માં દર્શાવેલ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવું, જેથી શૈક્ષણિક કાર્યમાં વિક્ષેપ પડે નહીં.

(૫) એવી તાલીમો કે જે રાજ્યના તમામ શિક્ષકોને આપવાની નથી પરંતુ મર્યાદિત સંખ્યાના શિક્ષકોને તાલીમ આપવાની હોય ત્યારે ઉપર દર્શાવેલ સૂચનાઓ લાગુ પડશે નહીં. અર્થાત્ શાળાના તમામ શિક્ષકોને એકસાથે તાલીમમાં મોકલવાના ન હોય તો ઉપર દર્શાવેલ સૂચના લાગુ પડશે નહીં.

(૬) શિક્ષકોની તાલીમોમાં વિષય અને વિગતો (Content) નું પુનરાવર્તન અટકાવી સ્થાનિક જરૂરીયાત મુજબ (Need Base) તાલીમો શિક્ષકોને અપાય તે બાબત ખાસ ધ્યાનમાં રાખવાની રહેશે.

(૭) દરેક જિલ્લાએ તેમની તાલીમની જરૂરીયાત તથા સ્થાનિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ૨૦ દિવસની તાલીમનું કેલેન્ડર જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તથા પ્રાથમિક શિક્ષણ સંઘના હોદ્દેદારો સાથે પરામર્શ કરીને નક્કી કરવાનું રહેશે. ૨૦ દિવસની તાલીમનું કેલેન્ડર નાણાકીય વર્ષ શરૂ થતા પહેલાં ફેબ્રુઆરી માસમાં બનાવવાનું રહેશે. દા.ત. નાણાકીય વર્ષ ૨૦૦૬–૦૭ માટેનું તાલીમનું કેલેન્ડર ફેબ્રુઆરી–૨૦૦૬ માં તૈયાર કરીને એસ.એસ.એ. મિશન, ગાંધીનગરને મોકલવાનું રહેશે.

(સહી)
( એસ.જી.ગરાસિયા )
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

નકલ પ્રતિ,

- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, એસ.એસ.એ. મિશન, સેક્ટર–૧૭, ગાંધીનગર
- નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી., સેક્ટર–૧૨, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુ.રા., ગાંધીનગર
- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન અને શાળાઓની કચેરી, ગુ.રા., ગાંધીનગર.
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ } (પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી મારફત)
- તમામ શાસનાધિકારીશ્રીઓ, મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડ }
- તમામ પ્રાચાર્યશ્રીઓ, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી., કચેરી મારફત)